તા. ૬/૧/૨૦૨૦, સોમવાર - સંદેશ



## વાલ્કેશ્વરીનગરીથી અંબર ચોકડીને આવરી લેવાશે

# જામનગરમાં ૬૫ કરોડના ખર્ચે બનનારા ફ્લાય ઓવરની લંબાઈ વધારવા લોકમાગ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સીએમને કરાઈ રજૂઆત

। જામનગર ।

જામનગર મહાનગરપાલિકા દ્વારા થોડા સમય અગાઉ રૂા.૬૫ કરોડના ખર્ચે ઈન્દીરા માર્ગ પર પોણો કીલો મીટર લાંબા ફલાય ઓવર બનાવવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ ફલાય ઓવરની લંબાઈ વધારવા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને કરાયેલી રજુઆતમાં જણાવાયું છે કે, મ્યુ.કોર્પો. દ્વારા વાલ્કેશ્વરીનગરીથી અંબર ચોકડીને આવરી લેતો ફલાય ઓવર બનાવવા રાજ્ય સરકારમાં કરેલી દરખાસ્ત મંજુર કરવામાં આવી છે. પરંતુ જામનગરમાં દીન પતિદીન વધતો ટ્રાફીક અને મેગા ઈન્ડસ્ટ્રીઓના કારણે શહેરનો ટ્રાફીક ઘણો ગીચ થતો જાય છે. તેથી આ ફલાય ઓવરથી કાયમી ધોરણે ટ્રાફીક સમસ્યાનું નિરાકરણ નહીં આવે. મ્યુ.કોર્પો. અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જ અગાઉ નાગનાથ ગેઈટથી સાત રસ્તા સુધી ફલાય ઓવર બનાવવા રજુઆત કરવામાં આવી હતી.

તત્કાલીન રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી દ્વારા પણ સુભાષબ્રીજથી સાત રસ્તા સર્કલ સુધી ફોર ટ્રેક ફલાય ઓવર બનાવવાની સતાવાર જાહેરાત કરવામાં આવી હતી અને આ યોજનાને રાજ્ય સરકાર દ્વારા પણ વિધિવત મંજુરી આપવામાં આવી હતી. ટેન્ડર પ્રક્રિયાનો આરંભ પણ થયો હતો. પરંતુ આ ફલાય ઓવરનું કામ શરૂ થઈ શક્યું ન હતું.

તેથી આ બાબતે પુનઃ વિચારણા કરી નાગનાથ ગેઈટથી સાત રસ્તા સુધી ફલાય ઓવર બનાવવામાં આવે તો ટ્રાફીક સમસ્યાનું નિવારણ થશે. ચેમ્બર દ્વારા આ અંગે મ્યુ.કમિશનર અને મેયરને પણ રજુઆત અગાઉ કરવામાં આવી હોવાનું મુખ્યમંત્રીને કરાયેલી રજુઆતમાં જણાવાયું છે.